# Royal Higher Secondary School - Dhoraji

Std :- 12th | Sub : Account | Date : 27-01-2025

Time :- 3:15 hours | Round Test - 02 | Marks :- 100

## વિભાગ A

**નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો :** **20**

**[પ્રશ્ન 1થી 20 – *પ્રત્યેકનો 1 ગુણ*]**

**1.** નફા-નુકસાન ફાળવણી ખાતાની ઉધાર બાકી એટલે … .

(a) કાચો નફો (b) કાચી ખોટ (c) વહેંચણીપાત્ર નફો (d) વહેંચણીપાત્ર ખોટ

**2.** ભાગીદારના ચાલુ ખાતાની જમા બાકીનું વ્યાજ પેઢી માટે શું ગણાય?

(a) ખર્ચ (b) દેવું (c) આવક (d) નુકસાન

**3.** જ્યાં વ્યક્તિગત કૌશલ્ય મહત્ત્વનું હોય ત્યાં પાઘડી ……… હોય છે.

(a) વધુ (b) ઓછી (c) શૂન્ય (d) ઋણ

**4.** પાઘડી એ કયા પ્રકારની મિલકત છે?

(a) દૃશ્ય મિલકત (b) અદૃશ્ય મિલકત (c) ચાલુ મિલકત (d) અવાસ્તવિક મિલકત

**5.** પુનઃમૂલ્યાંકન ખાતાંનો નફો કે નુકસાન ભાગીદારો વચ્ચે કયા પ્રમાણમાં વહેંચવામાં આવે છે?

(a) ત્યાગના પ્રમાણમાં (b) લાભના પ્રમાણમાં

(c) નવા નફા-નુકસાનના પ્રમાણમાં (d) જૂના નફા-નુકસાનના પ્રમાણમાં

**6.** ભાગીદારી પેઢીનું પુનર્ગઠન થાય ત્યારે ……… બનાવવામાં આવે છે.

(a) વેપાર ખાતું (b) પુનઃમૂલ્યાંકન ખાતું

(c) માલ-મિલકત નિકાલ ખાતું (d) નફા-નુકસાન ફાળવણી ખાતું

**7.** ભાગીદારના પ્રવેશ વખતે સામાન્ય અનામત અને નફા-નુકસાન ખાતાની જમા બાકી ……… લઈ જવામાં આવે છે.

(a) પ્રવેશ પામનાર ભાગીદારના મૂડી ખાતે (b) નવા ભાગીદાર સહિત બધા જ ભાગીદારોનાં મૂડી ખાતે

(c) જૂના ભાગીદારોનાં મૂડી ખાતે (d) પુનઃમૂલ્યાંકન ખાતે

**8.** નવા ભાગીદારે લાવેલ પાઘડીનું પ્રીમિયમ ……… બાજુ લઈ જવામાં આવે છે.

(a) જૂના ભાગીદારોનાં મૂડી ખાતે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં ઉધાર

(b) જૂના ભાગીદારોનાં મૂડી ખાતે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં જમા

(c) જૂના ભાગીદારોનાં મૂડી ખાતે તેમના ત્યાગના પ્રમાણમાં ઉધાર

(d) જૂના ભાગીદારોનાં મૂડી ખાતે તેમના ત્યાગના પ્રમાણમાં જમા

**9.** નિવૃત્ત થતા ભાગીદારને ચૂકવવાની બાકી રકમ પર ભાગીદારી કરારમાં કોઈ ઉલ્લેખ ન હોય, તો ……… વ્યાજ ચૂકવવાપાત્ર છે.

(a) 10 % વાર્ષિક (b) 12 % વાર્ષિક (c) 6 % વાર્ષિક (d) શૂન્ય

**10.** પેઢીના વિસર્જન સમયે પાકા સરવૈયામાં દેવાદારો ₹ 24,500 અને ઘાલખાધ અનામત ₹ 4,500 હોય, તો માલ-મિલકત નિકાલ ખાતે જમા બાજુ કઈ રકમ લખશો?

(a) ₹ 24,500 (b) ₹ 4,500 (c) ₹ 22,000 (d) ₹ 27,000

**11.** વિસર્જન સમયે ભાગીદારી પેઢીની મિલકતો અને જવાબદારીઓની હિસાબી અસર આપવા માટે તૈયાર કરવામાં આવતું ખાતું એટલે … .

(a) નફા-નુકસાન ખાતું (b) નફા-નુકસાન ફાળવણી ખાતું (c) પુનઃમૂલ્યાંકન ખાતું (d) સંપાદન ખાતું

**12.** કંપની તેના શૅર, શૅરની મૂળ કિંમતના વધુમાં વધુ કેટલા ટકા લેખે પ્રીમિયમથી બહાર પાડી શકે છે?
(a) 10 % (b) 100 % (c) 25 % (d) કોઈ મર્યાદા નથી.

**13.** હાલના કંપનીધારાના નિયમ પ્રમાણે કંપની શૅરદીઠ ઓછામાં ઓછી કેટલી કિંમતે તેના શૅર બહાર પાડી શકે?
(a) ₹ 100 (b) ₹ 1,000 (c) ₹ 1 (d) ₹ 0.50

**14.** ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતું એ કયા પ્રકારનું ખાતું ગણાય?
(a) વ્યક્તિ ખાતું (b) માલ-મિલકત ખાતું (c) ઊપજ-ખર્ચ ખાતું (d) ઉપલક ખાતું

**15.** નાણાકીય પત્રકોનું વિશ્લેષણ ...
(a) ફક્ત પરિણામો રજૂ કરે છે.
(b) ઐતિહાસિક માહિતી પૂરી પાડે છે.
(c) અર્થઘટન કરે છે.
(d) આપેલ પૈકી એક પણ નહિ

**16.** એક કંપનીના ચાલુ વર્ષના ખર્ચાઓ ₹ 6,00,000 છે અને તેમાં પાછલા વર્ષની સરખામણીમાં 20 % વધારો થયો હોય, તો પાછલા વર્ષના ખર્ચા કેટલા હશે?
(a) ₹ 1,20,000 (b) ₹ 5,00,000 (c) ₹ 7,20,000 (d) આપેલ પૈકી એક પણ નહિ

**17.** પ્રવાહી ગુણોત્તર એ ...
(a) સધ્ધરતાનું માપ દર્શાવે છે.
(b) ટૂંકા ગાળાની નફાકારકતાનું માપ છે.
(c) નફાકારકતાનું માપ છે.
(d) તરલતાનું માપ છે.

**18.** નીચેનામાંથી કયા ગુણોત્તરોનો સમાવેશ પ્રણાલિકાગત વર્ગીકરણમાં થાય છે?
(a) મિશ્ર ગુણોત્તરો (b) તરલતાના ગુણોત્તરો (c) નફાકારકતાના ગુણોત્તરો (d) સધ્ધરતાના ગુણોત્તરો

**19.** દેવાદારો અને લેણીહૂંડીની ઉઘરાણી ...
(a) કામગીરીનો આવક રોકડ પ્રવાહ છે.
(b) કામગીરીનો જાવક રોકડ પ્રવાહ છે.
(c) નાણાકીય પ્રવૃત્તિનો આવક રોકડ પ્રવાહ છે.
(d) રોકાણની પ્રવૃત્તિનો આવક રોકડ પ્રવાહ છે.

**20.** વચગાળાનું ડિવિડન્ડ ચૂકવાય, ત્યારે ...
(a) કામગીરીના પત્રકમાંથી બાદ થાય અને નાણાકીય પ્રવૃત્તિઓમાં ઉમેરાય.
(b) કામગીરીના પત્રકમાંથી બાદ થાય અને રોકાણની પ્રવૃત્તિઓમાં ઉમેરાય.
(c) કામગીરીના પત્રકમાં ઉમેરાય અને નાણાકીય પ્રવૃત્તિઓમાંથી બાદ થાય.
(d) આપેલ પૈકી એક પણ નહિ

## વિભાગ B

**નીચેના પ્રશ્નોના 'એક વાક્યમાં જવાબ આપો : [પ્રશ્ન 21થી 30 – *પ્રત્યેકનો 1 ગુણ*]** **10**

**21.** અધિક નફો એટલે શું?

**22.** ભાગીદારી પેઢીનું પુનર્ગઠન એટલે શું?

**23.** નિવૃત્ત થતા ભાગીદારને ચૂકવવાની બાકી રકમ પર ભાગીદારી કરારમાં કોઈ ઉલ્લેખ ન હોય, તો કેટલા ટકા વાર્ષિક વ્યાજ ચૂકવવાપાત્ર છે?

**24.** પેઢીના વિસર્જન સમયે અગાઉ માંડી વાળેલ ઘાલખાધ પરત મળે, ત્યારે તેની નોંધ ક્યાં થાય છે?

**25.** પેઢીના વિસર્જન સમયે પાકા સરવૈયામાં દર્શાવેલ પ્રોવિડન્ટ ફંડની બાકીનો નિકાલ કેવી રીતે કરશો?

**26.** જામીનગીરીના આધારે ડિબેન્ચરના પ્રકાર જણાવો.

**27.** ગુણોત્તર એટલે શું?

**28.** પ્રણાલિકાગત હિસાબી ગુણોત્તરોનું વર્ગીકરણ જણાવો.

**29.** સામાન્ય અનામતનો વધારો ક્યાં નોંધાય છે?

**30.** કામગીરીની પ્રવૃત્તિઓ એટલે શું?

## વિભાગ C

**નીચેના પ્રશ્નોમાંથી કોઈ પણ *ચાર* પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો : [પ્રશ્ન 31થી 36 – *પ્રત્યેકના 3 ગુણ*] 12**

**31.** ધ્રુવા, દર્શી, પ્રાંશી 5 : 3 : 2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. વર્ષના અંતે હિસાબો તૈયાર કર્યા પછી માલૂમ પડ્યું કે ઉપાડ પર વ્યાજ ગણવાનું રહી ગયું છે. ઉપાડ પર વ્યાજ અનુક્રમે ₹ 2,000, ₹ 1,600 અને ₹ 1,200 છે. ભૂલ-સુધારણા નોંધ લખો.

**32.** અપૂર્વ, અક્ષય અને આર્ય એક પેઢીના ભાગીદારો છે. તેમની વચ્ચે નફો-નુકસાન ફાળવણીનું પ્રમાણ 1 : 2 : 2 છે. બધા જ ભાગીદારોએ નફા-નુકસાનની ફાળવણીનું પ્રમાણ બદલીને 3 : 2 : 1 કરવાનું નક્કી કર્યું છે. ભાગીદારોએ કરેલ ત્યાગની ગણતરી કરો.

**33.** ભાગીદારી પેઢીનું વિસર્જન કરવા અદાલત કેવા સંજોગોમાં હુકમ કરી શકે છે? સમજાવો.

**34.** નીચેના વ્યવહારોની પેઢીના વિસર્જનના સંજોગોમાં થતી આમનોંધ લખો :

(1) પેઢીનો વિસર્જન ખર્ચ ₹ 10,000 થયો.

(2) ભૂતકાળમાં માંડી વાળેલ ઘાલખાધ ₹ 12,000 પૈકી ₹ 8,000 પરત મળ્યા.

(3) એક પેઢીનાં ચોપડે પાઘડી દર્શાવેલ નથી, પરંતુ વિસર્જન સમયે તેના વેચાણના ₹ 40,000 ઊપજ્યા.

**35.** નવ્યા લિમિટેડે તા. 1 – 4 – '17ના રોજ ₹ 100નો એક એવા 11 ટકાના 6,000 ડિબેન્ચર 5 ટકાના વટાવે બહાર પાડ્યા. 6 વર્ષ બાદ તા. 31 – 3 – '23ના રોજ બધા ડિબેન્ચર પરનાં નાણાં 10 ટકાનાં પ્રીમિયમથી પરત કરવાનાં છે.

કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો. (બા. જે વગર)

**36.** શૅર અને ડિબેન્ચર વચ્ચેનો તફાવત આપો.

## વિભાગ D

**નીચેના પ્રશ્નોમાંથી કોઈ પણ *ત્રણ* પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો : [પ્રશ્ન 37થી 41 – *પ્રત્યેકના 4 ગુણ*] 12**

**37.** નીચેની માહિતી પરથી પાઘડીની રકમ છેલ્લાં ચાર વર્ષના સરેરાશ નફાની પાંચ વર્ષની ખરીદીના આધારે નક્કી કરવાની છે :

| વર્ષ | નફો (₹માં) |
|---|---|
| 2020 – '21 | 60,000 |
| 2021 – '22 | 80,000 |
| 2022 – '23 | (20,000) |
| 2023 – '24 | 30,000 |

**38.** ચીનુ અને દીનુની ભાગીદારી પેઢીની પાઘડીની કિંમત અધિક નફાને મૂડીકૃત કરવાની પદ્ધતિ અનુસાર નક્કી કરો :

(1) રોકાયેલી મૂડી ₹ 9,00,000

(2) અપેક્ષિત વળતરનો દર 12 %

(3) છેલ્લાં પાંચ વર્ષનો નફો :

| વર્ષ | 2019 – '20 | 2020 – '21 | 2021 – '22 | 2022 – '23 | 2023 – '24 |
|---|---|---|---|---|---|
| નફો (₹માં) | 1,00,000 | 1,40,000 | 1,30,000 | 1,50,000 | 1,80,000 |

**39.** જ્ઞાનદા કંપની લિમિટેડનાં તા. 31 – 3 – '23 અને તા. 31 – 3 – '24ના રોજ પૂરા થતા વર્ષનાં સંક્ષિપ્ત નફા-નુકસાનનાં પત્રકો નીચે પ્રમાણે આપવામાં આવ્યાં છે, તેના આધારે તુલનાત્મક નફા-નુકસાનનું પત્રક બનાવો :

| વિગત | નોંધ નંબર | તા. 31 – 3 – '24 (₹માં) | તા. 31 – 3 – '23 (₹માં) |
|---|---|---|---|
| વેચાણની ઊપજો | | 66,00,000 | 44,00,000 |
| અન્ય આવકો | | 4,50,000 | 3,00,000 |
| ખર્ચાઓ | | 47,52,000 | 30,80,000 |

આવકવેરાનો દર 30 % હતો.

**40.** યશ લિમિટેડની નીચેની વિગતોના આધારે કાર્યશીલ મૂડી ઊથલો શોધો :

કુલ મિલકતો ₹ 45,00,000; બિનચાલુ મિલકતો ₹ 30,00,000; કુલ દેવાં ₹ 20,00,000; બિનચાલુ દેવાં ₹ 10,00,000; વેચાણ ₹ 25,00,000.

**41.** નીચે આપવામાં આવેલ માહિતીના આધારે રોકાણની પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવતા રોકડ પ્રવાહની ગણતરી કરો : *(March 20)*

| વિગત | રકમ ₹ |
|---|---|
| બિનચાલુ રોકાણોનું વેચાણ | 8,80,000 |
| જમીનની ખરીદી | 14,80,000 |
| યંત્રની ખરીદી | 9,80,000 |
| ફર્નિચર વેચાણ | 4,50,000 |
| રોકાણો પર ડિવિડન્ડ મળ્યું | 4,00,000 |
| પાઘડીના ચૂકવ્યા | 3,20,000 |
| શૅર બહાર પાડ્યા | 12,00,000 |
| ડિબેન્ચર પરત કર્યા | 4,50,000 |
| લોન લીધી | 2,80,000 |

## વિભાગ E

**નીચેના પ્રશ્નોમાંથી કોઈ પણ *ત્રણ* પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો : [પ્રશ્ન 42થી 46 – *પ્રત્યેકના 8 ગુણ*] 24**

**42.** વિદિત અને વિશાલ 2 : 3 ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 31 – 3 – '24 ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

**તા. 31 – 3 – '24ના રોજનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ ₹ | મિલકત-લેણાં | રકમ ₹ |
|---|---|---|---|---|
| મૂડી ખાતાં : | | | મકાન | 66,000 |
| વિદિત | 48,000 | | યંત્રો | 30,000 |
| વિશાલ | 60,000 | 1,08,000 | સ્ટૉક | 18,000 |
| આકસ્મિક અનામત | | 9,000 | દેવાદારો | 39,600 |
| કામદાર વળતર અનામત | | 24,000 | બૅન્ક | 8,400 |
| રોકાણ અનામત | | 7,200 | રોકાણો | 18,000 |
| લેણદારો | | 30,000 | | |
| ઘાલખાધ અનામત | | 1,800 | | |
| | | 1,80,000 | | 1,80,000 |

તા. 1 – 4 – '24ના રોજ તેઓએ બન્ટીને નવા ભાગીદાર તરીકે નીચેની શરતોથી પ્રવેશ આપ્યો :

(1) વિદિત તેના ભાગમાંથી $\frac{1}{4}$ ભાગ અને વિશાલ તેના ભાગમાંથી $\frac{1}{8}$ ભાગ બન્ટીની તરફેણમાં ત્યાગ કરશે.

(2) બન્ટી મૂડી તરીકે ₹ 72,000 અને તેના ભાગની પાઘડી રોકડમાં લાવશે.

(3) પેઢીની પાઘડીનું મૂલ્યાંકન ₹ 32,000 કરવામાં આવ્યું.

(4) વિદિત અને વિશાલ તેમને મળેલ પાઘડી પૈકી 50 % પાઘડી રોકડમાં ઉપાડી જશે.

(5) યંત્રો પર 10 % ઘસારો ગણવો.

(6) દેવાદારોમાંથી ₹ 3,600 ઘાલખાધ તરીકે માંડી વાળવા અને 15 % ઘાલખાધ અનામતની જોગવાઈ કરવી.

(7) રોકાણોની બજારકિંમત ₹ 9,000 છે, જે ચોપડે લાવવી.

(8) કારીગર વળતર પેટે ₹ 30,000નો દાવો સ્વીકારવો.

(9) લેણદારોની 10 % રકમ ચૂકવવી પડશે નહિ.

જરૂરી ખાતાં તૈયાર કરી નવી પેઢીનું પાકું સરવૈયું તૈયાર કરો.

**43.** A અને B એક ભાગીદારી પેઢીના 4 : 1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 31 – 3 – '17ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે :

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ ₹ | મિલકત-લેણાં | | રકમ ₹ |
|---|---|---|---|---|---|
| મૂડી ખાતાં : | | | જમીન-મકાન | | 35,000 |
| A | 75,000 | | ફર્નિચર | | 30,000 |
| B | 25,000 | 1,00,000 | રોકાણો | | 25,000 |
| ચાલુ ખાતાં : | | | સ્ટૉક | | 15,000 |
| A | 8,000 | | દેવાદારો | 5,500 | |
| B | 2,000 | 10,000 | – ઘાલખાધ અનામત | 500 | 5,000 |
| કારીગર અકસ્માત વળતર ભંડોળ | | 5,000 | લેણીહૂંડી | | 2,000 |
| લેણદારો | | 4,000 | રોકડ-બૅન્ક | | 3,000 |
| દેવીહૂંડી | | 1,000 | પાઘડી | | 5,000 |
| | | 1,20,000 | | | 1,20,000 |

ઉપરની તારીખે C ને નવા ભાગીદાર તરીકે નીચેની શરતે પ્રવેશ આપ્યો. નવું નફા-નુકસાનનું પ્રમાણ 3 : 1 : 1 રાખવાનું નક્કી કર્યું.

( 1 ) C તેના નફાના $\frac{1}{5}$ ભાગ પેટે ₹ 20,000 રોકડા મૂડી તરીકે અને ₹ 5,000 પાઘડી તરીકે લાવશે. પાઘડીની રકમમાંથી અડધી રકમ જૂના ભાગીદારો તરત જ ઉપાડી જશે.

( 2 ) જમીન-મકાનની કિંમતમાં 10 % વધારો કરવો. જ્યારે ફર્નિચર અને સ્ટૉકની કિંમતમાં 5 % ઘટાડો કરવો.

( 3 ) રોકાણોની બજારકિંમત ₹ 35,000 છે, જે ચોપડે લાવવી.

( 4 ) દેવાદારો પર 10 % ઘાલખાધ અનામતની જોગવાઈ કરવી.

( 5 ) અકસ્માત વળતર અંગે ₹ 1,000નો દાવો મંજૂર કરેલ છે.

( 6 ) બૅન્કચાર્જિસના ₹ 450 ચૂકવેલ જેની નોંધ કરવાની બાકી છે.

જરૂરી ખાતાં તૈયાર કરી પ્રવેશ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

**44.** ધવલ, કમલ અને નવલ 2 : 2 : 1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 31 – 3 – '16ના રોજ નવલ નિવૃત્ત થાય છે. તા. 31 – 3 – '16ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

**તા. 31 – 3 – '16ના રોજનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ ₹ | મિલકત-લેણાં | રકમ ₹ |
|---|---|---|---|---|
| મૂડી ખાતાં : | | | પાઘડી | 10,000 |
| ધવલ | 30,000 | | યંત્રો | 20,000 |
| કમલ | 20,000 | | રોકાણો | 10,000 |
| નવલ | 10,000 | 60,000 | દેવાદારો | 30,000 |
| સામાન્ય અનામત | | 5,000 | સ્ટૉક | 10,000 |
| રોકાણ વધઘટ ભંડોળ | | 2,500 | રોકડ-બૅન્ક | 5,000 |
| ઘાલખાધ અનામત | | 2,000 | | |
| લેણદારો | | 15,500 | | |
| | | 85,000 | | 85,000 |

નિવૃત્તિ વખતે નક્કી કરવામાં આવ્યું કે,

( 1 ) યંત્રોની કિંમત ₹ 25,000 અને સ્ટૉકની કિંમત ₹ 5,000 આંકવી.

( 2 ) રોકાણોની કિંમત ₹ 8,000 નક્કી થઈ, તે કિંમતે રોકાણો નવલ લઈ જાય છે.

( 3 ) લેણદારો પૈકી ₹ 5,000નું દેવું ચૂકવવું નહીં પડે.

( 4 ) કામદાર વળતર પેટે ₹ 2,000ના દાવાની જોગવાઈ કરવી.

( 5 ) ઘાલખાધ અનામત દેવાદારો પર 10 % રાખવી.

( 6 ) પાઘડીનું મૂલ્યાંકન ₹ 40,000 કરવામાં આવ્યું.

ઉપરની માહિતી પરથી જરૂરી ખાતાં તૈયાર કરી નવું પાકું સરવૈયું તૈયાર કરો. *(March 22)*

**45.** ધ્યાની સિરામિક લિમિટેડે ₹ 10નો એક એવા 3,00,000 ઇક્વિટી શૅર, શૅરદીઠ ₹ 150ના પ્રીમિયમે બહાર પાડ્યા. શૅરદીઠ નીચે મુજબ રકમ મંગાવવામાં આવી હતી :

અરજી વખતે શૅરદીઠ ₹ 74 (₹ 70ના પ્રીમિયમ સહિત)

મંજૂરી વખતે શૅરદીઠ ₹ 44 (₹ 40ના પ્રીમિયમ સહિત)

આખરી હપતા વખતે શૅરદીઠ ₹ 42 (₹ 40ના પ્રીમિયમ સહિત)

કંપનીને 3,00,000 શૅરની અરજીઓ મળી હતી. વિશાલે ધારણ કરેલા 2,000 શૅર પર આખરી હપતાની રકમ સિવાય બધા જ શૅર પર પૂરેપૂરી રકમ મળી ગઈ હતી.

કંપનીએ યોગ્ય કાર્યવાહી બાદ વિશાલના શૅર જપ્ત કર્યા અને તે શૅર, શૅરદીઠ ₹ 80 લેખે અવનિને પૂરા ભરપાઈ થયેલા તરીકે ફરી વેચ્યાં.

ઉપરના વ્યવહારોની કંપનીના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો. (બા. જે જરૂરી નથી.) *(August 20)*

**46.** ગુજરાત મશીન લિમિટેડે ₹ 10નો એક એવા 15,00,000 ઇક્વિટી શૅર બહાર પાડ્યા. જેના પર નીચે મુજબ રકમ ચૂકવવાની હતી :

| | |
|---|---|
| અરજી સાથે શૅરદીઠ | ₹ 3 |
| મંજૂરી વખતે શૅરદીઠ | ₹ 4 |
| પ્રથમ અને આખરી હપતા વખતે શૅરદીઠ | ₹ 3 |

કંપનીને જાહેર જનતામાંથી 15,70,000 શૅર અરજીઓ મળી. વધારાની મળેલ અરજીઓ નામંજૂર કરી તેના પર અરજી વખતે મળેલ નાણાં પરત કરવામાં આવ્યાં.

આકાશ કે જેના 1,200 શૅર મંજૂર કરવામાં આવ્યા હતા, તેણે આખરી હપતાની રકમ ચૂકવી ન હતી.

કંપનીએ જે શૅર પર હપતા બાકી હતા, તે શૅર જપ્ત કર્યા. જપ્ત કરેલા બધા શૅર મહત્તમ વટાવ આપીને ફરીથી બહાર પાડ્યા.

ઉપરના વ્યવહારો નોંધવા કંપનીના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો. (બા. જે જરૂરી નથી.) *(March 20)*

## વિભાગ F

**નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો : [પ્રશ્ન 47 અને 48 – *પ્રત્યેકના 11 ગુણ*]** **22**

**47.** શુભ અને લાભ એક પેઢીના ભાગીદારો છે. તા. 31 – 3 – '18ના રોજના કાચા સરવૈયા અને હવાલાઓ પરથી વેપાર ખાતું, નફા-નુકસાન ખાતું, નફા-નુકસાન ફાળવણી ખાતું, મૂડી ખાતાં અને પાકું સરવૈયું તૈયાર કરો :

**તા. 31 – 3 – '18ના રોજનું કાચું સરવૈયું**

| ઉધાર બાકી | ખા. પા. | રકમ ₹ | જમા બાકી | ખા. પા. | રકમ ₹ |
|---|---|---|---|---|---|
| ઉપાડ ખાતાં : શુભ | | 4,800 | મૂડી ખાતાં : શુભ | | 24,000 |
| લાભ | | 3,200 | લાભ | | 16,000 |
| વ્યવસ્થિત ખરીદી | | 1,06,000 | વેચાણ | | 2,00,000 |
| માલ સ્ટૉક (તા. 31 – 3 – '18) | | 28,000 | દેવું | | 30,000 |
| લેણું | | 48,000 | નમૂનાથી વહેંચેલ માલ | | 2,000 |
| મજૂરી-પગાર | | 10,000 | બૅન્ક ઓવરડ્રાફ્ટ | | 14,000 |
| વેપારખર્ચા | | 16,000 | | | |
| મકાન | | 50,000 | | | |
| ફર્નિચર / ફિટિંગ્સ | | 10,000 | | | |
| ઑફિસ-સાધનો | | 4,000 | | | |
| પૅકિંગ સામગ્રીનો સ્ટૉક | | 4,000 | | | |
| રોકડસિલક | | 2,000 | | | |
| કુલ સરવાળો | | 2,86,000 | કુલ સરવાળો | | 2,86,000 |

**હવાલા :** (1) મૂડી પર 8 % લેખે અને ઉપાડ પર 12 % લેખે વ્યાજ ગણવાનું છે. શુભે દર માસના અંતે ₹ 400 અને લાભે તા. 1 – 10 – '17ના રોજ ઉપાડ કર્યો હતો.

(2) ₹ 10,000ના ઉધાર વેચાણની નોંધ કરવાની બાકી છે તથા માર્ચ 2018ની વેચાણનોંધનો સરવાળો ભૂલથી ₹ 2,000 વધુ ગણેલ છે.

(3) ₹ 2,000ની વધારાની ઘાલખાધ માંડી વાળો અને 5 % ઘાલખાધ અનામતની જોગવાઈ કરો.

*(4) ₹ 4,000નું ફિટિંગ્સ નકામું થઈ ગયું છે, જેની ચોપડે નોંધ કરવાની બાકી છે.*

(5) એક ગ્રાહકને માલ પૂરો પાડવાનો કરાર પૂરો નહિ કરી શકવા બદલ કોર્ટે ₹ 4,000નો દાવો મંજૂર કર્યો છે.

(6) ચૂકવવાની બાકી મજૂરી ₹ 2,000 મજૂરી ખાતે નોંધ્યા છે, પરંતુ ચૂકવવાની બાકી મજૂરી ખાતું કાચા સરવૈયામાં નોંધવાનું રહી ગયું છે.

**45.** ધ્યાની સિરામિક લિમિટેડે ₹ 10નો એક એવા 3,00,000 ઇક્વિટી શૅર, શૅરદીઠ ₹ 150ના પ્રીમિયમે બહાર પાડ્યા. શૅરદીઠ નીચે મુજબ રકમ મંગાવવામાં આવી હતી :

અરજી વખતે શૅરદીઠ ₹ 74 (₹ 70ના પ્રીમિયમ સહિત)

મંજૂરી વખતે શૅરદીઠ ₹ 44 (₹ 40ના પ્રીમિયમ સહિત)

આખરી હપતા વખતે શૅરદીઠ ₹ 42 (₹ 40ના પ્રીમિયમ સહિત)

કંપનીને 3,00,000 શૅરની અરજીઓ મળી હતી. વિશાલે ધારણ કરેલા 2,000 શૅર પર આખરી હપતાની રકમ સિવાય બધા જ શૅર પર પૂરેપૂરી રકમ મળી ગઈ હતી.

કંપનીએ યોગ્ય કાર્યવાહી બાદ વિશાલના શૅર જપ્ત કર્યા અને તે શૅર, શૅરદીઠ ₹ 80 લેખે અવનિને પૂરા ભરપાઈ થયેલા તરીકે ફરી વેચ્યાં.

ઉપરના વ્યવહારોની કંપનીના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો. (બા. જે જરૂરી નથી.) *(August 20)*

**46.** ગુજરાત મશીન લિમિટેડે ₹ 10નો એક એવા 15,00,000 ઇક્વિટી શૅર બહાર પાડ્યા. જેના પર નીચે મુજબ રકમ ચૂકવવાની હતી :

| | |
|---|---|
| અરજી સાથે શૅરદીઠ | ₹ 3 |
| મંજૂરી વખતે શૅરદીઠ | ₹ 4 |
| પ્રથમ અને આખરી હપતા વખતે શૅરદીઠ | ₹ 3 |

કંપનીને જાહેર જનતામાંથી 15,70,000 શૅર અરજીઓ મળી. વધારાની મળેલ અરજીઓ નામંજૂર કરી તેના પર અરજી વખતે મળેલ નાણાં પરત કરવામાં આવ્યાં.

આકાશ કે જેના 1,200 શૅર મંજૂર કરવામાં આવ્યા હતા, તેણે આખરી હપતાની રકમ ચૂકવી ન હતી.

કંપનીએ જે શૅર પર હપતા બાકી હતા, તે શૅર જપ્ત કર્યા. જપ્ત કરેલા બધા શૅર મહત્તમ વટાવ આપીને ફરીથી બહાર પાડ્યા.

ઉપરના વ્યવહારો નોંધવા કંપનીના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો. (બા. જે જરૂરી નથી.) *(March 20)*

## વિભાગ F

**નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો : [પ્રશ્ન 47 અને 48 – *પ્રત્યેકના 11 ગુણ*]** **22**

**47.** રાધા અને ક્રિષ્ણ 3 : 2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેતા એક પેઢીના ભાગીદારો છે. તા. 31 – 3 – '17ના રોજનું કાચું સરવૈયું અને હવાલા પરથી પેઢીના વાર્ષિક હિસાબો તૈયાર કરો :

**તા. 31 – 3 – '17ના રોજનું કાચું સરવૈયું**

| ઉધાર બાકી | ખા. પા. | રકમ ₹ | જમા બાકી | ખા. પા. | રકમ ₹ |
|---|---|---|---|---|---|
| ઉપાડ : રાધા | | 5,000 | મૂડી ખાતાં : રાધા | | 55,000 |
| ક્રિષ્ણ | | 5,000 | ક્રિષ્ણ | | 45,000 |
| ભાડાપટ્ટાનું મકાન | | | રાધાની લોન | | |
| (તા. 1 – 4 – '16થી 10 વર્ષ માટે) | | 60,000 | (તા. 1 – 7 – '16થી) | | 50,000 |
| મશીનરી (ઑફિસ) | | 50,000 | મળેલ વટાવ | | 400 |
| આપેલ વટાવ | | 350 | લેણદારો | | 25,000 |
| દેવાદારો | | 40,000 | કમિશન | | 2,500 |
| જાવકમાલ ગાડાભાડું | | 1,200 | દેવીહૂંડી | | 5,000 |
| ફર્નિચર-ફિક્ષ્ચર્સ | | 5,000 | વેપાર ખાતે | | 97,250 |
| પગાર | | 7,500 | | | |
| ઘાલખાધ | | 1,200 | | | |
| લેણીહૂંડી | | 20,000 | | | |
| વેપારખર્ચ | | 5,900 | | | |
| રોકડસિલક | | 6,000 | | | |
| સ્ટૉક (તા. 31 – 3 – '17) | | 73,000 | | | |
| કુલ સરવાળો | | 2,80,150 | કુલ સરવાળો | | 2,80,150 |

**હવાલા :**

( 1 ) મશીનરી પર 6 % અને ફર્નિચર-ફિક્ષ્ચર્સ પર 20 % લેખે ઘસારો ગણો.

( 2 ) દેવાદારોમાંથી ₹ 500 ઘાલખાધ માંડી વાળો.

( 3 ) રાધા અને ક્રિષ્ણને અનુક્રમે ₹ 5,000 અને ₹ 4,000 વાર્ષિક પગાર આપવાનો છે.

( 4 ) ₹ 500 કમિશનના મળવાના બાકી છે.

( 5 ) પગારના ₹ 3,000 ચૂકવવાના બાકી છે.

**48.** નીચેની બાકીઓ સ્ટાર લિમિટેડના ચોપડામાંથી લેવામાં આવી છે. આ બાકીઓ પરથી તા. 31 – 3 – '24ના રોજનું પાકું સરવૈયું કંપનીધારા 2013ના પરિશિષ્ટ – III મુજબ તૈયાર કરો :

| ઉધાર બાકીઓ | રકમ ₹ | જમા બાકીઓ | રકમ ₹ |
|---|---|---|---|
| મળવાનું બાકી વ્યાજ | 3,000 | વેપારી દેવાં | 30,000 |
| પ્લાન્ટ-યંત્રો | 6,00,000 | લાંબા ગાળાની જોગવાઈઓ | 60,000 |
| રોકડ હાથ પર | 37,000 | અનામત અને વધારો | 1,10,000 |
| ટ્રેડમાર્ક | 20,000 | અન્ય ચાલુ જવાબદારીઓ | 25,000 |
| દેવાદારો | 42,000 | ટૂંકા ગાળાનાં ઉછીનાં નાણાં | 24,000 |
| 10 %ના નર્મદા બૉન્ડ | 70,000 | શૅરમૂડી | 3,50,000 |
| છૂટા ભાગો | 18,000 | ટૂંકા ગાળાની જોગવાઈઓ | 35,000 |
| ટેલિફોન ડિપૉઝિટ | 30,000 | લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં | 1,20,000 |
| મ્યૂચ્યુઅલ ફંડના યુનિટ (કામચલાઉ) | 10,000 | અન્ય લાંબા ગાળાની જવાબદારીઓ | 76,000 |
| | 8,30,000 | | 8,30,000 |

**BEST OF LUCK**